सत्यमेव जयते

| GJJM090003132020 | કેસ દાખલ તા.: ૨૪/૧૨/૨૦૨૦<br>કેસ નોંધ્યા તા.: ૨૪/૧૨/૨૦૨૦<br>ઠરાવ જાહેર તા.: ૨૦/૦૩/૨૦૨૬<br>અવધિ: ૦૫ વર્ષ ૦૨ માસ ૨૭ દિવસ |
|---|---|

**જોડીયાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ,**

**મુ. જોડીયા**

**ફોજદારી કેસ નં. ૨૩૬/૨૦૨૦**

આંક –

**ફરીયાદી......** શ્રી સરકાર,

**વિ રૂ ઘ્ધ.**

**આરોપીઓ...** કાનજી ઉર્ફે કાનો સ/ઓ શામળાભાઈ
રણમલભાઈ સોઢીયા
ઉ.વ.૨૮, ધંધો– ખેતી,
રહે. ફડસર ગામ, તા.જી.મોરબી

---

**ચાર્જ:–** ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબ.

---

---

ફરીયાદપક્ષ તરફે – વિ.એ.પી.પી. શ્રી એન.કે.પરમાર
બચાવપક્ષ તરફે – વિ.વકિલ શ્રી વી.એસ.માનસાતા

---

**-:: ઠ રા વ ::-**

## (૧) કેસની ટુંકમાં હકીકત

હાલના કામે બનાવની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૦૨/૦૨/૨૦૨૦ના રોજ ક.૦/૦૫ વાગ્યાના અરસામાં તારાણાથી દુધઇ જતા ફોર ટ્રેક રસ્તો ચાલુ થાય છે ત્યાંથી ડાબી બાજુ આવેલ ચેક ડેમની બાજુમાં બાવળની જાડીઓમાં આરોપીએ ઈકો ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ કુલ બોટલ નંગ-૩૬૦ જેની કિ.રૂ.૧૮૦૦૦૦/- તથા સફેદ કલરની ઈકો ગાડી જેના રજી.નં. જી.જે.૩૬.એફ.૬૩૨૮ કિ.રૂ.૧૫૦૦૦૦/- મળી કુલ મુદ્ધામાલ કિ.રૂ.૩૩૦૦૦૦/- ના મુદ્ધામાલ સાથે તપાસ દરમ્યાન પકડાઇ જઇ, ગુનો કર્યા બાબતની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલ અને તેથી આ કામના આરોપીઓ વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ અન્વયેનો ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરીયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ પોતાની તપાસ દરમિયાન ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યાનુ પં ચનામું કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પોતાની તપાસનાં અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુના અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

## (૨) ન્યાયીક કાર્યવાહી

આ કામનાં આરોપીઓને આ અદાલત ધ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી હાજર થતાં આરોપીને બચાવ માટે સી.આર.પી.સી. કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. આરોપી વિરૂદ્ધ આંક-૫ થી તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી આંક- ૬ થી નોંધવામાં આવતા, આરોપીએ પોતાની સામેના આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હતો. ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા આરોપી સામે રજુ કરવામાં આવેલ પુરાવો પુરો થયા બાદ આરોપીનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ. ત્યારબાદ આ કામે દલીલો સાંભળવામાં આવેલી.

(૩) ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## **-:: મુદ્દાઓ ::-**

**મુદ્દા નં.૧** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તારીખ ૦૨/૦૨/૨૦૨૦ના રોજ ક.૦/૦૫ વાગ્યાના અરસામાં તારાણાથી દુધઇ જતા ફોર ટ્રેક રસ્તો ચાલુ થાય છે ત્યાંથી ડાબી બાજુ આવેલ ચેક ડેમની બાજુમાં બાવળની જાડીઓમાં આરોપીએ ઇકો ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ કુલ બોટલ નંગ-૩૬૦ જેની કિ.રૂ.૧૮૦૦૦૦/- તથા સફેદ કલરની ઇકો ગાડી જેના રજી.નં. જી.જે.૩૬.એફ.૬૩૨૮ કિ.રૂ.૧૫૦૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૩૩૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે તપાસ દરમ્યાન પકડાઇ જઇ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં. ૨** શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) નકારમાં,

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

## **(૫) <u>મુદ્દા નં.:૧ ની ચર્ચા :</u>**

**(૫.૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ ધ્વારા પંચ સાહેદ સુલતાન જાકુભાઇ લોંડળાને આંક-૧૦ થી તથા પંચ સાહેદ સલીમભાઇ ઇશાકભાઇ જુણેજાને આંક-૧૩ થી તપાસેલ છે તેઓએ આંક-૧૧ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદોએ રજુ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ તેમ છતાં તેમાં

પણ ઉપરોકત પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપેલ નથી. આમ, પંચ સાહદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૫.૨)** ત્યારબાદ આ કામના ફરીયાદી હરવિજયસિંહ જશવંતસિંહ જાડેજાનાઓને આંક–૨૮ થી તપાસતા તેઓએ ફરીયાદ મુજબની હકીકત જણાવી આંક–૨૯ થી રજુ કરેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તારીખ ૦૨/૦૨/૨૦૨૦ના રોજ ક.૦/૦૫ વાગ્યાના અરસામાં તારાણાથી દુધઇ જતા ફોર ટ્રેક રસ્તો ચાલુ થાય છે ત્યાંથી ડાબી બાજુ આવેલ ચેક ડેમની બાજુમાં બાવળની જાડીઓમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ કુલ બોટલ નંગ–૩૬૦ જેની કિ.રૂ.૧૮૦૦૦૦/– તથા સફેદ કલરની ઈકો ગાડી જેના રજી.નં. જી.જે.૩૬.એફ.૬૩૨૮ કિ.રૂ.૧૫૦૦૦૦/– મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૩૩૦૦૦૦/– ના મુદ્દામાલ મળી આવતા ફરીયાદ આપેલ. ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આરોપીઓને ઓળખતા હોવાનુ જણાવે છે. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, આરોપી પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓએકોઇ મુદ્દામાલ કબ્જે કરેલ નથી. વધુમાં તે સિવાયના બચાવપક્ષે પુછેલા પ્રશ્નો નો સદર સાહેદે ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

**(૫. ૩ )** ત્યારબાદ આ કામના સાહેદ ગીરધરભાઇ છગનભાઇ અઘેરાનાઓને આંક–૩૦ થી તપાસતા તેઓએ નિવેદન મુજબની હકીકત જણાવી છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તારીખ ૦૨/૦૨/૨૦૨૦ના રોજ ક.૦/૦૫ વાગ્યાના અરસામાં તારાણાથી દુધઇ જતા ફોર ટ્રેક રસ્તો ચાલુ થાય છે ત્યાંથી ડાબી બાજુ આવેલ ચેક ડેમની બાજુમાં બાવળની જાડીઓમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ કુલ બોટલ નંગ–૩૬૦ જેની કિ.રૂ.૧૮૦૦૦૦/– તથા સફેદ કલરની ઈકો ગાડી જેના રજી.નં. જી.જે.૩૬.એફ.૬૩૨૮ કિ.રૂ.૧૫૦૦૦૦/– મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૩૩૦૦૦૦/– ના મુદ્દામાલ મળી આવતા સાથેના પો.કો. હરવિજયસિંહ જાડેજાએ ફરીયાદ આપેલ. તેઓ કામગીરીમાં સાથે હતા. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, આરોપી પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓએકોઇ મુદ્દામાલ કબ્જે કરેલ નથી, ફરીયાદી અને બીજા સ્ટાફના વ્યક્તિઓ પહેલા પહોંચેલા અને તેઓ અને પી.એસ.આઇ. પાછળથી સ્થાનિક જગ્યાએ પહોંચેલા. વધુમાં તે સિવાયના બચાવપક્ષે પુછેલા પ્રશ્નોનો સદર સાહેદે ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

**(૫.૪)** ત્યારબાદ આ કામના સાહેદ અજયભાઈ રાયધનભાઈ વિરડાનાઓને આંક-૩૧ થી તપાસતા તેઓએ નિવેદન મુજબની હકીકત જણાવી છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તારીખ ૦૨/૦૨/૨૦૨૦ના રોજ ક.૦/૦૫ વાગ્યાના અરસામાં તારાણાથી દુધઇ જતા ફોર ટ્રેક રસ્તો ચાલુ થાય છે ત્યાંથી ડાબી બાજુ આવેલ એક ડેમની બાજુમાં બાવળની જાડીઓમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ કુલ બોટલ નંગ-૩૬૦ જેની કિ.રૂ.૧૮૦૦૦૦/- તથા સફેદ કલરની ઈકો ગાડી જેના રજી.નં. જી.જે.૩૬.એફ.૬૩૨૮ કિ.રૂ.૧૫૦૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૩૩૦૦૦૦/- ના મુદ્દામાલ મળી આવતા સાથેના પો.કો. હરવિજયસિંહ જાડેજાએ ફરીયાદ આપેલ. તેઓ કામગીરીમાં સાથે હતા. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, આરોપી પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓએકોઇ મુદ્દામાલ કબ્જે કરેલ નથી, ફરીયાદી અને બીજા સ્ટાફના વ્યક્તિઓ પહેલા પહોંચેલા અને તેઓ અને પી.એસ.આઇ. પાછળથી સ્થાનિક જગ્યાએ પહોંચેલા. વધુમાં તે સિવાયના બચાવપક્ષે પુછેલા પ્રશ્નોનો સદર સાહેદે ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

**(૫.૫)** ત્યારબાદ આ કામના સાહેદ જયરાજસિંહ અરવિંદસિંહ ઝાલાનાઓને આંક-૩૬ થી તપાસતા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, આશરે ચાર વર્ષ પહેલા તેઓની માલીકીની ઈકો ગાડી જી.જે.૩૬.એફ.૬૩૨૮ માં દારૂ પકડાયેલ હોય જે બાબતે પોલીસે તેઓની પુછપરછક રતા તેઓએ જણાવેલ કે તે ગાડી તેઓએ સરીફભાઇ વલીમામદ જીવાણી રહે. મોરબીવાળાને તારીખ ૨૯/૦૯/૨૦૧૮ના રોજ વેચાણ આપેલ અને જે બાબતની નોટરી પણ કરેલ અને આ ઈકો કારની લોન ચાલુ હોય જેથી તેઓના નામે કરેલ નહી. આ સિવાય તેઓ કશું જાણતા નથી અને તેઓએ તેઓની ગાડીને લગત ડોક્યુમેન્ટ અને વાહન વેચાણને લગત સમજુતી લખાણ પોલીસને આપેલ અને સાથે ગાડીની આર.સી.બુકની નકલ પણ પોલીસને આપેલ. જે પુરાવામાં આંક-૩૭ થી ૩૮ સુધી રજુ રાખેલ છે. બનાવ વખતે તેઓએ શરીફભાઇનો કોન્ટેક કરેલ પણ તેઓનો ફોન લાગેલ નહી અને ઘરે તપાસ કરતા મળી આવેલ નહી અને હાલ ક્યાં છે તે પણ તેઓને ખબર નથી. તેઓ ખેતી કામ કરે છે એ સિવાય તેઓ કોઈ દારૂની હેરાફેરી કરતા નથી. ઉપરોક્ત હકિકત પોલીસે તેઓનો જવાબ લીધેલ ત્યારે જણાવેલ. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, વાહન ઈકો ગાડી વેચાણ આપેલ તે સિવાય બીજી કોઇ તેઓને અંગત જાત માહીતી નથી.

(૫.૬) ત્યારબાદ આ કામના સાહેદ શરીફભાઈ વલીમામદ જીવાણીનાઓને આંક–૩૯ થી તપાસતા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ જયરાજસિંહ અરવિંદસિંહ ઝાલા પાસેથી ઈકો ગાડી જી.જે.૩૬.એફ.૬૩૨૮ વેચાતી લીધેલ અને જયરાજસિંહે એચ.ડી.એફ.સી. બેંકમાંથી લોન લીધેલી હતી જે લોનના પાંચ હપ્તા તેણે ભરેલ હતા અને બાકીના હપ્તા તેઓએ ભરવાની શરતે ઈકો ગાડી સંભાળેલ અને બાદમાં તેઓએ જે લોનની રકમ હતી જે આશરે પાંચ છ વર્ષની હતી જે તેઓએ ર૦૧૮માં ૮૩,૩૦૦/– જેટલી તેઓએ ચુકવી આપેલ. જે બાબતનું નોટરી લખાણ કરેલ. બાદમાં તેઓએ ફડસર ગામના કાનજી ઉર્ફે કાનો સામળાભાઈ બોરીચાને મિત્રતાના દાવે પ્રસંગ હોય ગાડી આપેલ હતી. જેબાબતે પોલીસે તેઓની પુછપરછ કરતા તેમાંથી દારૂ પકડાયાની હકિકત બહાર આવેલી.આ દારૂનો જથ્થો તે ક્યાંથી લાવેલ તે તેઓને ખબર નથી. તેઓ ઈલેક્ટ્રીક વાયરીંગનું કામ કરે છે અને ક્યારેય તેઓ ઉપર દારૂ વેચાણ કે પીવાના કેસ થયેલ નથી. તેઓએ પોતાની જુબાનીમાં આંક–૩૭ વાળા લખાણમાં તેઓની તથા જયરાજસિંહની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, વાહન ઈકો ગાડી તેઓએ મિત્રતાના નાતે વાપરવા આપેલ તે સિવાય બીજી કોઈ તેઓને અંગત જાત માહીતી નથી.

(૫.૭) ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદાર સોનલબેન વલ્લભદાસ સામાણીનાઓને આંક–૪૩ થી તપાસતા તેઓ ફરીયાદ મુજબની હકીકત જણાવે છે. વધુમાં જણાવેલ છે કે, સદર ગુનાની તપાસ તેમને મળતાં તેઓએ તપાસ સંભાળી સાહેદોના નિવેદન લીધેલ. વધુમાં સાહેદ જણાવે છે કે, ઈકો ગાડીના માલીક જયરાજસિંહ અરવિંદસિંહ ઝાલાનુ નિવેદન લુધેલુ તેઓએ જણાવેલ કે આ ઈકો ગાડી તેઓના નામે છે પરંતુ ર૯/૦૯/૧૮ના રોજ તેઓએ મોરબીના શરીફભાઈ વલીમામદ જીવાણીને વેચાણે આપેલ હોય અને જે અંગે તેઓએ નોટરી પણ કરેલ હોય તેવી હકિકત લખાવેલી અને શરીફભાઈએ વાહન વેચાણ કરેલ તે અંગેના લખાણની નકલો તેઓ પાસે રજુ કરેલ જે આ કામે આંક–૩૭ થી રજુ છે અને ગાડીની આર.સી.બુક આંક–૩૮ થી રજુ છે. ત્યારબાદ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી કે.કે.ગોહીલને સોપેલ. સદર સાહેદે આરોપીને ઓળખતા હોવાનું જણાવે છે. તેમજ પંચનામામાં પોતાની સહી તથા પંચોની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તપાસ કરનાર અમલદારે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, આરોપી પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓએ કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી, ગાડી આપ્યાનું લખાણ કોણે ક્યારે અને ક્યાં સહીઓ કરેલ તેની તેઓને જાણ નથી કે આ લખાણ

તેઓની હાજરીમાં કે જેની હાજરીમાં થયેલ હોય તેવી કોઇ વ્યક્તિનું તેઓએ નિવેદન લીધેલ નથી. વધુમાં તે સિવાયના બચાવપક્ષે પુછેલા પ્રશ્નોનો સદર સાહેદે ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

(૫.૭) ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદાર કુમારપાલસિંહ કરણસિંહ ગોહીલનાઓને આંક–૪૭ થી તપાસતા તેઓ એવી હકિકત જણાવેલ છે કે, તાઃ– ૦૨/૦૨/૨૦૨૦ ના રોજ તેઓ જોડિયા પો.સ્ટેમાં ફરજ પર હતા ત્યારે પ્રોહી કલમ ૬૫ એઇ, ૯૮(૨) અને ૮૧ મુજબના ગુના રજી. નં–૧૬/૨૦૨૦ ની તપાસ તેઓને પી.એસ. આઈ એસ. વી. સામાણી તરફથી મળતા સદર ગુનામાં સંકળાયેલ વાહનના વાહન વેચાણનો સમજુતી લખાણ તપાસના કામે કબજે લીધેલ અને શરીફ વલીમામલ ગનીભાઈ જીવાણી કે જેઓએ જયરાજસિંહ અરવિંદસિંહ ઝાલા પાસેથી વાહન લીધેલ હતુ તેઓનું તેઓએ તાઃ– ૦૩/૦૬/૨૦૨૦ ના રોજ નિવેદન લીધેલ અને તેઓએ જણાવેલ કે "ઈક્કો ગાડી મોરબી થી આમરણના પેસેન્જર ફેરા કરવામાં ચલાવતો હતો તે દરમ્યાન આમરણ ગામે મને ફડસર ગામનો કાનજી ઉર્ફે કાનો શામળાભાઈ બોરીચા મળેલ હતો અને મારે તેની સાથે મીત્રતા થયેલ હતી. અને મને વાત કરેલ કે મારે ઈક્કો ગાડી ભાડેથી જોઈએ છીએ જેથી મને માસીક રૂ.૧૮૦૦૦/– માં ભાડે આપવાનું નક્કી કરેલ હતુ. પરંતુ કાનાને તેના પરીવાર સાથે મારી ઈક્કો ગાડી પ્રસંગમાં જવા આપેલ હતી બાદમાં મને વાતો વાતોથી જાણવા મળેલ કે મારી ઈક્કો ગાડીનું આ કાનજી ઉર્ફે કાનો બોરીચા ઇંગ્લીશ પીવાનો દારૂનો જથ્થો લઈને નીકળતા આપ સાહેબે પકડેલ છે. અને આ દારૂનો જથ્થો તે ક્યાંથી લાવેલ છે તેની હકીકત બાબતે કશુ જણાવેલ નહી." તે મુજબનું વિગતવારનું નિવેદન તેઓએ લીધેલ ત્યારબાદ તાઃ– ૧૪/૦૩/૨૦૨૦ ના રોજ બે પંચોની હાજરીમાં આરોપી કાનજી ઉર્ફે કાનો સ/ઓ શામળાભાઈ રણમલભાઈ, રહે ફડસર ગામ, જી.મોરબી વાળાની સમય ૧૮–૩૦ થી ૧૯– ૦૦ વાગ્યા સુધીમાં વિગતવારનું પંચનામુ એલ.સી.બી કચેરીએ કરી ઉપરોક્ત ગુનાના કામે ધોરણસર અટક કરેલ અને આરોપી કાનજી ઉર્ફે કાનાનો ઉપરોક્ત ગુનાના કામે જવાબ લીધેલ. અને આરોપીના ફોટા ફીંગર લેવડાવી, એમ.ઓ.બી કોન્સ્ટેબલને સોંપી આપેલ. અને ત્યારબાદ જોડિયા કોર્ટમાંથી આરોપીના ઉપરોક્ત ગુનાના કામે તાઃ–૧૪/૦૩/૨૦૨૦ ના રોજ રીમાન્ડ મેળવવા તજવીજ કરેલ. ત્યારબાદ રીમાન્ડ મંજુર થતા અને રીમાન્ડ પુરી થતા આરોપીને મુદત હરોળમાં નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય આરોપી કાનજી ઉર્ફે કાના વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. તેમને આંક–૩૮ જે જયરાજસિંહ ના વાહન નંબ–જીજે–૩૬–એફ–૬૩૨૮ ની આર.સી બુકની નકલ બતાવતા

તપાસના કામે લીધેલ છે તે જ છે તેમજ આંક–૩૭ વાળુ વાહન વેચાણ પરત્વેનું સમજુતિ લખાણ બતાવતા તપાસના કામે રજુ રાખેલ છે તે જ છે. આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તપાસ કરનાર અમલદારે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, ફરીયાદી તેઓના સહ કર્મચારી છે, આરોપીના કબજામાંથી પ્રત્યક્ષ કે પંચનામાની વિગતે કોઈ મુદામાલ કબજે કરેલ નથી. વધુમાં તે સિવાયના બચાવપક્ષે પુછેલા પ્રશ્નોનો સદર સાહેદે ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

(૬) આમ, સબબ કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદપક્ષના કેસમાં અનેક ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. સદર કામે પ્રોહી મુદ્દામાલ આરોપીઓ પાસેથી જ મળી આવેલ છે કે કેમ, અને તે પ્રોહી મુદ્દામાલ કોની માલિકીનું છે અને તેનો ભોગવટેદાર કોણ છે તેવી કોઈ હકીકત અંગે ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી. આ કામે આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથઈ મુદ્દામાલ મળી આવેલ નથી. રેઈડ દરમ્યાન આરોપી મળી આવેલ નથી. જેથી તે મુદ્દામાલ આરોપીનો જ હતો તે અંગે શંકા ઉભી થાય છે. ગુનાવાળી જગ્યા આસપાસના સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. પંચ સાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય, તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે.

***નામદાર ગુજરાત વડી અદાલત, માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કેસ, સને–૨૦૧૨(૦)જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી. –૨૨૭૬૯૮.***

*'' જો પંચો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનામાં મુજબ રીકવર કરેલ મુદૃામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતું હોય તેમજ ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાતો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય.''*



J.M.F.C
Jodiya

ઉપરોકત ચુકાદાઓ હાલના કેસમાં બંધબેસતા લાગુ પડે છે. જો પંચસાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન ન આપે ત્યારે મુદામાલ રીકવર કર્યા અંગેનું પંચનામુ સાબિત થયેલ માની શકાય નહી જેથી આરોપીપક્ષને તે બાબતનો લાભ આપવો જોઈએ. વધુમાં ફરીયાદપક્ષના સાહેદો પણ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય જેથી વિરોધાભાષ જણાય છે. આમ, સાહેદોની જુબાનીમાં સત્યતા જણાઈ આવતી નથી. આ કામે ફક્ત પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે જે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદારના સાથી કર્મચારી છે જે તેઓને સમર્થનકારી જુબાની આપે તે સ્વાભાવિક છે. વધુમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા પંચોની રૂબરૂમાં પંચનામું કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે જયારે પંચો ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે અને વધુમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુન્હાવાળી જગ્યાએ માણસોની સતત અવર જવર રહેતી હોવા છતાં, ગુનાવાળી જગ્યા આસપાસના સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારની જુબાનીમાં ક્ષતિઓ જણાઈ આવે છે. જેથી ફરીયાદપક્ષની ક્ષતિઓનો લાભ આરોપીપક્ષને આપવો જોઈએ તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે તથા આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પોલીસ સાહેદ હોય, તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થયેલ છે કે કેમ તે બાબતે પણ શંકા ઉપસ્થિત થાય છે.

(૭) આમ, જયારે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે આ કામના આરોપીઓએ પોતાના કબ્જામા વગર પાસ પરમીટે રાજસ્થાની દેશી તથા ભારતીય બનાવટનો વિદેશી દારૂ, વેચાણ અર્થે, પોતાના કબ્જા હેઠળ રાખી, પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે તેવા સંજોગોમાં અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ સદર કામના આરોપીઓએ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિ:ષ્ફળ નિવડેલ હોય, તે તહોમત મુજબનો ગુનો હાલના કામના આરોપીઓએ જ

કરેલ હોય તેવું માની શકાય નહી, તેથી ઉપરોકત મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદા નં.ર પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

**૧.** આ કામનાં આરોપી કાનજી ઉર્ફે કાનો સ/ઓ શામળાભાઇ રણમલભાઇ સોઢીયા ઉ.વ.૨૮, ધંધો– ખેતી,રહે. ફડસર ગામ, તા.જી.મોરબીનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૨૪૮(૧) હેઠળ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ અગાઉ જામીન આપેલ છે તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

**3.** પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મુદ્દામાલ મોબાઇલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ યથાવત રાખવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૨૦ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા
તારીખ: ૨૦/૦૩/૨૦૨૬

**(કું. એમ.એચ.મકવાણા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા(ગુજ.સ્ટેનો)